# પનઘટના કલાકારો રણોત્સવના શુભારંભ કાર્યક્રમમાં છવાયા

## ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્રના સંચાલક ભાવિન પટેલે સમગ્ર શૉ ડિરેક્ટ કરી કચ્છનો ઈતિહાસ, ભાષા, પહેરવેશ, બોલી, સામાજિક પ્રણાલિકા વગેરે ગુંથીને પ્રશંસા મેળવી

ગાંધીનગર, તા. ૧૪

કચ્છના ઘોરડોમાં રણોત્સવનો વિધિવત રીતે પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં યોજાયેલા ઉદ્દ્ઘાટન સમારંભમાં પનઘટ કલાકેન્દ્રના ભાવિન પટેલે ડિરેક્ટ કરેલા સાંસ્કૃતિક કાર્યક્રમે ખુબ વાહવાહ મેળવી હતી. ઉપસ્થિત સૌ આંગતુક મહેમાનોએ આ કાર્યક્રમની મુક્તમને પ્રશંસા કરી હતી.

ડિસેમ્બર માસમાં શરૂ થતાં રણોત્સવનું આકર્ષણ વર્ષોવર્ષ વધતુ જાય છે. તાજેતરમાં માગશર પૂનમે કચ્છના ઘોરડો ખાતે રણોત્સવનો પ્રારંભ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં થયો હતો. આ ઉદ્દ્ઘાટન સમારંભમાં ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના જુદા જુદા પ્રાંતના સો થી વધુ કલાકારોએ સુંદર કાર્યક્રમ રજુ કર્યો હતો. કચ્છનો ઈતિહાસ, ભાષા, પહેરવેશ, બોલી, સામાજિક પ્રણાલિક વગેરે ગુંથીને રજુ કરાયેલા આ કાર્યક્રમને વિવિધ દેશના પ્રતિનિધિઓ, આમંત્રિત મહાનુભાવો અને પ્રવાસીઓએ મનભરીને માણ્યો હતો.



આ કાર્યક્રમનું સંગીત દિગ્દર્શન જાણીતા સંગીતકાર ગુજરાત ગૌરવ પુરસ્કૃત નયનેશ જાની દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે ગીતકથા સુકદેવ પંડ્યા દ્વારા, પટકથા શંકર ગુમાને અને ડો. માર્ગી હાથી દ્વારા, કોરિયોગ્રાફી કુશલ દીક્ષિત દ્વારા, એપિસોડ ડિરેક્શન પંકજ ઝાલા, શિલ્પા ઠાકર, વૈશાલી સોલંકી અને ચિન્મય ભટ્ટ દ્વારા તથા મેકઅપ સેવા મનુભાઈ દ્વારા આપવામાં આવી હતી. સ્ટુડિયો રેકોર્ડીંગ અને સાઉન્ડ એન્જિનિયરીંગમાં ચિંતક ત્રિવેદીએ સુંદર કામગીરી કરી હતી. જ્યારે સમગ્ર પટકથામાં સુત્રધાર તરીકે પ્રસિદ્ધ કવિ તુષાર શુકલે સુંદર કામગીરી અદા કરી હતી. ગુજરાતના જાણીતા ગાયકો ભૌમિક શાહ, હિમાલી વ્યાસ, અભિતા પટેલ અને નિલેષ ગઢવીએ કાર્યક્રમના ગીતોનો કંઠ આપ્યો હતો. ખુબ જ સુંદર રીતે પ્રસ્તુત કરાયેલા આ કાર્યક્રમને મુખ્યમંત્રી, પ્રવાસનમંત્રી, રમતગમત અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી, પ્રવાસન વિભાગના અગ્ર સચિવ એસ.જે. હૈદર, રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ વી.પી. પટેલ, ટીસીજીએલના એન. શ્રીવાસ્તવ તથા યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરીના મનોજ દક્ષિણીએ વખાણ્યો હતો અને કલાકારોને સુંદર પ્રસ્તુતિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.





## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




નોટબંધીની અસર કાંઈ નથી થઈ ભાઈ... પરણ્યા પહેલા મારા પાપાને ત્યાં હતી ત્યારે પૂછ્યું હોત તો કહેત કે આ અસર થઈ... આમના ઘરે સતત વર્ષ પહેલા આવી ત્યારની માટે તો નોટબંધી જ છે ભાઈ...!!

## નાગર યુવાનો માટે પહેલીએ જીવનસાથી પસંદગી સંમેલન

સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપક્રમે તા. ૧લી જાન્યુઆરીના રોજ નાગર યુવક યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરેલ છે. ૩૫૦૦થી વધુ યુગલો લગ્નગ્રંથીથી જોડાયેલા છે. આ અંગેના ફોર્મ શ્રી નરેશભાઈ રાજા, જેઠાભાઈની પોળ-અમદાવાદ, શ્રી અરૂણભાઈ બુચ-અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૨૨૦, ટાટા ગેસ્ટ હાઉસ પાસે સેક્ટર-૨૦-ગાંધીનગર, શ્રી સુભાષભાઈ ભટ્ટ ૧૨૭૫, શિવમ સોસાયટી-સે-૨૭, શ્રી મહેશભાઈ રાવલ પ્લોટ નં. ૧૨૨૨/૨, સે-૭-ડીનો સંપર્ક સાધવા જણાવેલ છે.

# નોટબંધીમાં હોસ્પિટલના કર્મચારીઓનો પગાર અટવાયો : કર્મચારીઓની દયનીય સ્થિતિ

ગાંધીનગર, તા.૧૪

સમગ્ર ભારતભરમાં નોટબંધીની અસર છવાયેલી જોવા મળી રહી છે. દેશભરમાં વેપાર-ધંધાને માઠી અસર પહોંચી છે. નાના વેપારીઓ તેમજ રોજ કમાઈને રોજ ખાતા નાગરીકોની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. બેંકમાં જરુરીયાત મુજબના રૂપીયા ન મળતા આમ નાગરીક નોટબંધીમાં પીસાઈ અને ભીંસાઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ગ-૪ માં ફરજ બજાવતા અંદાજીત ૫૦૦ થી વધુ કર્મચારીઓનો નવેમ્બર મહિનાનો પગાર થવા પામ્યો નથી. હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓના પગાર ચુકવવા માટે લાખો રૂપીયાની ખાનગી એજન્સીને જરુર પડે છે. નોટબંધીના કારણે હજુસુધી પગાર થવા પામ્યો નથી.તેથી વર્ગ ચારના કર્મચારીઓની હાલત દયનીય બની જવા પામી છે. ત્યારે પગાર ચુકવવા માટે આટલી બધી કેશ મળવી અશકય છે કારણ કે નગરની મોટાભાગની બેંકો આજે નોટબંધીના ૩૬માં દિવસે પણ ખાલીખમ છે તેમજ એટીએમ પણ બંધ હાલતમાં છે.તેવા સંજોગોમાં ખાનગી એજન્સી માટે પણ પગાર કરવો કપરા ચઢાણ સમાન સાબિત થઈ રહ્યું છે. આઠમી નવેમ્બરના રોજ નોટબંધીના પ્રધાનમંત્રીના નિર્ણયબાદ સમગ્ર દેશમાં આર્થિક કટોકટી સર્જાય હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. નોટબંધીનો માહોલ પહેલા જેવો જ ૩૬માં દિવસે પણ નજરે પડી રહ્યો છે. બેંક તેમજ એટીએમમાં પુરતા પ્રમાણમાં રૂપીયા ન હોવાથી ખાલીખમના પાટીયા લગાવીને બેંક કર્મીઓ બેસી રહ્યા છે. પ્રજાજનોને જોઈએ તેટલા રૂપીયા ન મળતા હોવાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યા છે.ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં વિવિધ વિભાગમાં ખાનગી એજન્સી હેઠળ ૫૦૦ થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા છે.ત્યારે નવેમ્બર માસનો પગાર કર્મચારીઓને ડિસેમ્બર માસ અડધો થયો હોવા છતા ન મળતા કર્મચારીઓની હાલત દયનીય બની જવા પામી છે. ત્યારે કર્મચારીઓએ એજન્સીને અડધો પગાર કરવા પણ રજુઆત કરી છે.હવે જોવુ રહ્યું કે કર્મચારીઓને નોટબંધીના માહોલમાં અટવાયેલો પગાર ક્યારે મળે છે..!

## ભાનુબેન સુથારનું સંસ્કૃત પરિષદ દ્વારા સન્માન

ગાંધીનગર, તા.૧૪

સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સહયોગથી શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા સંસ્કૃત નાટય પ્રાચીન તથા અર્વાચીન વિષયક દ્વિદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન અમદાવાદમાં યોજાયેલ હતું. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના શિક્ષિકા શ્રી ભાનુબેન સુથારને શ્રેષ્ઠ કામગીરી બદલ શાલ, સન્માનપત્ર તથા મોમેન્ટો અર્પીને સન્માનિત કર્યા હતા. આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરી તથા શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા છે.

# શહેરમાં ગત્ સપ્તાહે કમળાના ૨૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૪

છેલ્લા કેટલાય સમયથી ગાંધીનગર શહેર-જિલ્લામાં રોગચાળોએ અજગરી ભરડો લીધો છે. વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો માથુ ઉંચકી રહ્યો હોય છે. રોગચાળાને નાથવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર કમરકસી રહ્યું છે. છતા પણ શહેરમાંથી ડેન્ગ્યુ, મેલેરીયા, કમળો, ટાઈફોઈડ, તાવ અને ઝાડા-ઉલ્ટીના દર્દીઓ જોવા મળી રહ્યા છે. શહેરની હોસ્પિટલ તેમજ ખાનગી દવાખાના પર મોડીરાત સુધી દર્દીઓની કતાર દેખાય છે. ત્યારે ગત સપ્તાહે કમળાના ૨૮ કેસ નોંધાતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

ગાંધીનગર શહેરની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. નગરમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળોએ માથું ઉચક્યુ છે. શહેરમાં નગરજનો દ્વારા લારી-ગલ્લા પર મળતો ઢાંકયા વિનાનો બિનઆરોગ્યપ્રદ ખોરાક ખાવાથી અને નગરમાં ફેલાયેલી અસહ્ય ગંદકીમાં મચ્છરોના ત્રાસથી રોગચાળો વધી રહ્યો છે. ત્યારે આરોગ્ય તંત્ર વાહક અને પાણીજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે સતત કાર્યરત છે. નગરમાં ગત્ સપ્તાહમાં તા.૫-૧૨-૧૬ થી ૧૧-૧૨-૧૬ દરમિયાન સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યું-૯, કમળો-૨૮, ટાઈફોઈડ-૩, ઝાડા-ઉલ્ટી-૨૮, મેલેરીયાના -૪ દર્દીઓ સહિત ચીકનગુનીયાના પણ બે કેસ સામે આવ્યા છે. શહેરમાં સવાર-સાંજ ઠંડી તેમજ બપોરે ગરમીનો અનુભવ થાય છે. બેવડી રુતુમાં દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. નગરમાં શિયાળાની ઠંડીને પગલે શરદી અને ખાંસીના દર્દીઓ પણ મોટીસંખ્યામાં સારવાર માટે આવી રહ્યા છે ત્યારે કમળા તેમજ ડેન્ગ્યુના કેસ હજુ પણ સામે આવતા તંત્ર ચિંતિત નજરે પડે છે.



દબાણ હટાવો અભિયાન... વાયબ્રન્ટ સમિટના પગલે શહેરમાં દબાણ અને ગંદકી હટાવ ઝુંબેશ રાત-દિવસ ચાલી રહી છે. મહાનગરપાલિકા અને પાટનગર યોજનાના સંયુક્ત પ્રયાસોથી દબાણો હટાવાઈ રહ્યા છે.



ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિજ્ઞાન કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફીમાં તાજેતરમાં તોંતિગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જેને અનુલક્ષીને વિદ્યાર્થી આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ત્યારે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓને પાસ નીકાળવા માટે મુશ્કેલી સર્જાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.ત્યારે ગાંધીનગર શહેરના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના વિદ્યાર્થી આગેવાનો દ્વારા સેકટર-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્યને આવેદન પત્ર આપી વિદ્યાર્થીઓને પડતી હાલાકીની રજુઆત કરી હતી. વિદ્યાર્થીઓની રજુઆત ને માન્ય રાખીને કોલેજના આચાર્યએ જુના ધારાધોરણ મુજબ ફી ટુંક સમયમાં લેવામાં આવશે તેમ જણાવતા કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં આનંદનું મોજુ ફરી વળ્યું હતું.

# રાજ્યભરમાં બેંકો પર લાઈનો યથાવત

ગાંધીનગર, તા.૧૪

દેશભરમાં ગત આઠમી નવેંબરના દિવસથી ચલણમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની ચલણી નોટો પર બેન મુકવામાં આવ્યો છે.તે દિવસથી લઈને આજે ૩૬મા દિવસે પણ રૂપિયા મેળવવા માટેની લોકોની હાડમારી યથાવત જોવા મળી છે.

આ પાછળનું મુખ્ય કારણ જ્યાં એક તરફ લોકોને એટીએમમાં કરન્સીના અભાવનો કારણે એટીએમમાંથી રૂપિયા મળી રહ્યા નથી.તો બીજી તરફ અગાઉ આરબીઆઈ તરફથી જાહેરાત કરવામાં આવી હોવાછતાં તેના કસ્ટમરોને પુરતી રકમ આપી રહી નથી.બીજી તરફ લોકોએ વિવિધ વિસ્તારોમાં આવેલા એટીએમ અને બેંકોની વિવિધ શાખાઓ બહાર સવારથી જ લાઈનો લગાવી હતી.

# સાતમા પગારપંચથી વંચિત માર્ગ મકાન વિભાગના કાયમી રોજમદારોમાં રોષ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત સરકાર દ્વારા રાજય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવ્યો છે. પરંતુ માર્ગ અને મકાન વિભાગના કર્મચારીઓને સાતમા પગારપંચના લાભથી વંચિત રાખવામાં આવ્યા છે. રોજમદાર કાયમી કર્મચારીઓને રાજય સરકાર દ્વારા પાચમું તેમજ છઠ્ઠુ પગારપંચ આપવામાં આવેલ છે. જયારે સાતમું પગારપંચ ના મળતા અમદાવાદ શહેર જાહેર બાંધકામ મજુર મંડળ દ્વારા અનેકવાર રાજય સરકારમાં રજુઆત કરવામાં આવી છે. માર્ગ મકાન વિભાગ તરફથી વિવિધ ડીવીઝનોમાંથી માહિતી મંગાવવામાં આવી છે છતા પણ ડિવીઝનના અધિકારીઓ કર્મચારીઓની રજુઆત સાંભળવા તૈયાર નથી. ત્યારે નાના કર્મચારીઓનું હિત ન ઈચ્છતા હોય તેવા અધિકારીઓ સામે વિભાગકક્ષાએથી લાલ આંખ કરવામાં આવે તેમ રોજમદારો ઈચ્છી રહ્યા છે. જયારે નાણા વિભાગ પુરતી માહિતી ન હોવાનું દર્શાવી ક્ષતિ કાઢીને ફાઈલ પરત મોકલી આપે છે. પરંતુ તેમાં નાણા વિભાગનો વાંક નથી તેમ કર્મચારીઓ કહી રહ્યા છે. ત્યારે સરકારના ઉચ્ચ વિભાગેથી સાતમું પગારપંચ મળે તેની ચાતક નજરે રોજમદાર કર્મચારીઓ રાહ જોઈને બેઠા છે.

## બોર્ડ-નિગમોના કર્મચારીઓ દ્વારા સાતમા પગાર પંચ મુદ્દે મીટીંગનું આયોજન

ગુજરાત સરકાર દ્વારા રાજય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવ્યો છે. સરકારના લાખો કર્મચારીઓને લાભ મળતા ખુશખુશાલ જણાય છે. પરંતુ રાજય સરકારે બોર્ડ નિગમોના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ નહી આપીને ભેદભાવભરી નિતી અપનાવી છે. ત્યારે બોર્ડ-નિગમો તેમજ સરકારી સાહસો તથા ગ્રાન્ટ એઈડ સંસ્થાના કર્મચારીઓ રોષે ભરાતા સરકાર સામે બાંયો ચડાવાના મુડમાં જણાય છે.આ અંગે બોર્ડ-નિગમના કર્મચારીઓએ તા.૧૬-૧૨-૧૬ના રોજ સવારે ૧૧ કલાકે ડો. આંબેડકર હોલ સેકટર-૧૨ ખાતે બેઠકનું આયોજન કર્યુંછે. આ બેઠકમાં તમામ મંડળના હોદેદારો કારોબારી સભ્યોને હાજર રહેવા ગુજરાત કર્મચારી મહામંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.આ બેઠકમાં આગામી કાર્યક્રમોની રણનિતી તૈયાર કરવામાં આવશે અને વિવિધ કાર્યક્રમો ઘોષિત કરવામાં આવશે.

# શાકભાજી સસ્તા થતાં ગૃહિણીઓ ખુશખુશાલ

## શાક-સલાડ-સુપ અને ઉંધીયાની મોસમ જામી : શાકભાજીમાં વેરાયટી સાથે ભાવો ગગડતા રસોઈની રંગત જામી


ગાંધીનગર, તા. ૧૪

અનાજ, કઠોળ અને ખાદ્યતેલ મબલક પાક છતાં નોટબંધીની અસરથી સસ્તા ન થઈ શક્યાં પરંતુ નોટબંધીની વિપરિત અસર શાકભાજી પર પડી છે. ભાવ કલ્પના બહાર ઘટી જતા ગૃહિણીઓને ઘી-કેળા થઈ ગયા છે. ઉંધિયાની મોસમ પણ જામી છે. કારણ કે ઠેકઠેકાણે ઉંધિયું કે મિક્સ શાક અઠવાડિયામાં બે-ત્રણ દિવસ સુધી બને છે.

રોકડાની ભયંકર તંગી વચ્ચે પાક પણ પુષ્કળ આવવાથી ખેડૂતોએ હવે બગડવાને વાંકે ફરજિયાતપણે શાક સસ્તુ વેંચવું પડે છે. ઘણા તો ઉધારમાં ય વેંચી જાય છે.

### શાકભાજીના ભાવ કિલોમાં

| | |
|---|---|
| બટાટા | ૧૦-૧૨ |
| ફ્લાવર | ૦૮-૧૦ |
| કોબીજ | ૦૮.૧૦ |
| ડુંગળી લીલી | ૧૮-૨૦ |
| ટમેટા | ૧૦-૧૫ |
| રીંગણા | ૧૦-૧૨ |
| મૂળા | ૧૮-૨૦ |
| લીલુ લસણ | ૧૪૦-૧૫૦ |
| મેથીની ભાજી | ૫ની જૂડી |
| મકાઈ | ૧૮-૨૦ |
| વાલોળ આખી | ૨૫-૩૦ |
| લીલાં મરચાં | ૧૮-૨૦ |
| લીંબુ | ૨૦-૨૨ |
| બીટ | ૧૦ના ૩ થી ૪ |
| ડુંગળી | ૧૫-૨૦ |
| દૂધી | ૧૫-૨૦ |
| જીંજરા | ૫૦-૬૦ |



શાકભાજી બજારના જથ્થાબંધ વેપારી કહે છે કે બધા જ શાક આ વખતે પાક્યા છે. વટાણા પંજાબથી આવે છે અને ટમેટાં થોડા પ્રમાણમાં નાસિકથી આવે છે. આ સિવાય બધુ જ શાક ખેડૂતોએ ઉગાડ્યું છે. પાણીની સગવડ સારી હતી એટલે પાક વધારે થયો છે. જોકે ખેડૂતેને પાણીના ભાવથી શાક વેંચવું પડી રહ્યું છે. એટલે પડતર કિંમત પણ માંડ નીકળે છે.

છેલ્લા એક સપ્તાહમાં છૂટક બજારમાં શાકભાજીના ભાવમાં પ્રતિ કિલો રૂ. ૨ થી ૫નો વધુ ઘટાડો થયો હતો. મોટા સેન્ટરોમાં હજુ ય યાર્ડમાં વેપાર થાય છે પરંતુ નાના સેન્ટરોમાં ખેડૂતના માલની લેવાલી યાર્ડમાં રોકડના અભાવે આવતી નથી. ખેડૂતો એ કારણે બજારમાં જઈને સીધું વેચાણ કરવા લાગ્યા છે. શહેરમાં પણ નાના જથ્થામાં ક્યાંક ક્યાંક ખેડૂતો સીધું વેચાણ કરી રહ્યાં છે.

વેપારીઓ કહે છે, આવક પુષ્કળ છે અને રોકડની અછતથી લોકોની ખરીદશક્તિ ઘટી ગઈ છે એટલે ભાવ પર દબાણ વધ્યું છે. હજુ એકથી દોઢ માસ સુધી શાકભાજીની આવકમાં ફરક પડવાનો નથી એટલે ખાવા પીવાના શોખીન લોકો સૂપ-સલાડ અને ઉંધિયાની મોજ લાંબો સમય સુધી માણી શકે એમ છે.